# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 6-10-2024 Evening : 7.50 to 8.00
Day : Sunday National News

## આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

*************************************************************

1) ભારતની પાંચ દિવસની મુલાકાતે આવેલા માલદીવના રાષ્ટ્રપ્રમુખ મોહમ્મદ મુઈઝુએ વિદેશમંત્રી ડો. એસ. જયશંકર સાથે મુલાકાત કરી.
2) ગુજરાત ATSની મદદથી મધ્યપ્રદેશમાંથી 1 હજાર 800 કરોડ રૂપિયાથી વધુની કિંમતનો માદક પદાર્થ પકડાયો.
3) હરિયાણા અને જમ્મુ કાશ્મીરની વિધાનસભા ચુંટણીની મતગણતરી માટેની તૈયારી પુરજોશમાં.
4) ઇઝરાયેલ પર હમાસના હુમલાને એક વર્ષ થતાં વિશ્વના અનેક દેશમાં રેલી યોજીને ગાઝા અને મધ્ય પૂર્વમાં હિંસાનો અંત લાવવાની હાકલ કરવામાં આવી.
5) હોકી ઈન્ડિયાએ આજે મલેશિયામાં સુલતાન જોહોર કપની 12મી આવૃત્તિમાં ભાગ લેવા માટે 18 સભ્યોની જુનિયર પુરૂષોની ટીમની જાહેરાત કરી.

*************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MALDIVES PRESIDENT ARRIVES

માલદીવના રાષ્ટ્રપ્રમુખ મોહમ્મદ મુઈઝુ આજે ભારતની 5 દિવસની સત્તાવાર મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા છે. તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના આમંત્રણ પર ભારત આવ્યા છે. રાષ્ટ્રપ્રમુખ પદ સંભાળ્યા બાદ મોહમ્મદ મુઇઝ઼ઝુની આ પ્રથમ ભારત મુલાકાત છે. આ મુલાકાત દરમિયાન તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત ભારત સરકારના અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠકો કરશે. તેઓ પ્રધાનમંત્રી સાથે પરસ્પર હિતના દ્વિપક્ષીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર સંવાદ કરશે. માલદીવના રાષ્ટ્રપ્રમુખે વિદેશમંત્રી ડોકટર એસ.જયશંકર સાથે મુલાકાત કરી હતી. આવતીકાલે સવારે રાષ્ટ્રપતિ ભવનમાં તેમનું ઔપચારિક સ્વાગત કરાશે. શ્રી મુઈઝુ રાજઘાટ પર મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપશે. તેમની મુલાકાત દરમિયાન તેઓ આગ્રા, બેંગલુરુ અને મુંબઈની પણ મુલાકાત લેશે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણદીપ જયસ્વાલે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે, ડૉ. મોહમ્મદ મુઈઝુની આ મુલાકાત બંને દેશ વચ્ચે લાંબા ગાળાના વ્યાપક દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવશે.

# MP GRUGS SEIZED

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ ગુજરાત ATS સાથે મળીને મધ્યપ્રદેશના ભોપાલમાંથી 1 હજાર 800 કરોડ રૂપિયાથી વધુની કિંમતનું માદક પદાર્થ જપ્ત કર્યો

છેઆ . કેસમાં બે લોકોની ધરપકડ પણ કરવામાં આવી છેઆ માદક પદાર્થ ભોપાલ . નજીક બગરોડા ગામમાં કાર્યરત્ કારખાનામાંથી મળી આવ્યું છેગુજરાતના ગૃહ . રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પર સંદેશ લખી આ સમાચારની પુષ્ટિ કરી હતી અને માદકપદાર્થના દુરૂપયોગ સામેની લડતમાં ગુજરાતATS અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોની પ્રશંસા કરી હતીતેમણે કહ્યું કે ., આ સિદ્ધિ માદક દ્રવ્યોની હેરાફેરી અને દુરુપયોગ સામે લડવામાં અમારી કાયદા અમલીકરણ એજન્સીઓના અથાગ પ્રયાસોને દર્શાવે છે.

## HARYANA-J&K COUNTING

મંગળવારે જમ્મુ-કાશ્મીર અને હરિયાણા વિધાનસભાની ચૂંટણીની મતગણતરી માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. મતગણતરી સુચારુ રીતે થાય તે માટે હરિયાણા અને જમ્મુ-કાશ્મીરના તમામ મતગણતરી કેન્દ્રો પર કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ગઈકાલે રાજ્યની તમામ 90 બેઠકો પર લગભગ 67 ટકા મતદાન થયું હતું. શાંતિપૂર્ણ મતદાન બાદ EVM મશીનોને વિવિધ જિલ્લાના સંબંધિત સ્ટ્રોંગ રૂમમાં ત્રણ સ્તરીય સુરક્ષા હેઠળ રાખવામાં આવ્યા છે. 8 ઓક્ટોબરે ચૂંટણી અધિકારીઓ, ઉમેદવારો અને નિરીક્ષકોની હાજરીમાં સ્ટ્રોંગ રૂમ ખોલવામાં આવશે. ઈવીએમને સ્ટ્રોંગ રૂમમાં સીસીટીવી કેમેરાની દેખરેખ અને કડક સુરક્ષા વ્યવસ્થા હેઠળ રાખવામાં આવ્યા છે.

જમ્મુ-કાશ્મીરમાં 18 અને 25 સપ્ટેમ્બર અને આ મહિનાની 1લી તારીખે ત્રણ તબક્કામાં મતદાન થયું હતું. ત્રણેય તબક્કામાં એકંદરે 63.8 ટકા મતદાન થયું હતું. કલમ 370 હટાવ્યા બાદ કેન્દ્રશાસિત પ્રદેશમાં પ્રથમ વખત વિધાનસભા ચૂંટણી યોજાઈ રહી છે.

## UP KUMBH LOGO

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે પ્રયાગરાજમાં મહાકુંભ 2025 માટેના નવા પ્રતિકનું અનાવરણ કર્યું. આ પ્રતિક ધાર્મિક અને આર્થિક સમૃદ્ધિનું પ્રતીક છે, જેમાં સમુદ્ર મંથનમાંથી નીકળતા અમૃત કળશને દર્શાવવામાં આવ્યો છે.

આ ડિઝાઇનમાં મંદિર, દ્રષ્ટા, કળશ, અક્ષય વટવૃક્ષ અને ભગવાન હનુમાનની છબી છે, જે સનાતન સંસ્કૃતિમાં પ્રકૃતિ અને માનવતાના સંગમનું પ્રતિનિધિત્વ કરે છે. આ પ્રતિક મહાકુંભ 2025 માટે પ્રેરણાત્મક પ્રતીક તરીકે સેવા આપતા સ્વ-જાગૃતિ અને લોક કલ્યાણના સતત પ્રવાહને પણ પ્રતિબિંબિત કરે છે.

ઉલ્લેખનીય છે કે, કુંભ મેળાને યુનેસ્કો દ્વારા 'માનવતાનો અમૂર્ત સાંસ્કૃતિક વારસા' તરીકે માન્યતા આપવામાં આવી છે, જેને વિશ્વનો સૌથી મોટો શાંતિપૂર્ણ મેળાવડા માનવામાં આવે છે.છે "સર્વસિદ્ધિપ્રધા કુંભ" તેનું સૂત્ર .

## PROTESTS ISRAEL GAZA WAR

ઇઝરાયેલ પરના જીવલેણ હમાસના હુમલાને એક વર્ષ થતાં ગઇકાલે વિશ્વના અનેક દેશોમાં રેલી યોજીને ગાઝા અને મધ્ય પૂર્વમાં હિંસાનો અંત લાવવાની હાકલ કરવામાં આવી હતીપેરિસ ., રોમ, મનિલા, કેપ ટાઉન અને ન્યુ યોર્ક સિટીમાં પણ નોંધપાત્ર મેળાવડાના અહેવાલ સાથે હજારો પેલેસ્ટિનિયન તરફી પ્રદર્શનકારોએ મધ્ય લંડનમાં કૂચ કરી.

ઉલ્લેખનીય છે કે, 7 ઓક્ટોબર, 2023ના રોજ હમાસના હુમલાને પગલે સંઘર્ષ વધી ગયો, જેમાં અંદાજે 1 હજાર 200 જેટલા ઇઝરાયેલીઓ માર્યા ગયા અને ઘણા લોકો

બંધક બન્યાબદલામાં ., ગાઝામાં ઇઝરાયેલ લશ્કરીની જવાબી કાર્યવાહીમાં લગભગ 42 હજાર પેલેસ્ટિનિયનોના મોત થયા અને ભૂખની ગંભીર કટોકટી ઊભી થઈ . ઇઝરાયેલની ક્રિયાઓની વ્યાપક આંતરરાષ્ટ્રીય નિંદા છતાં, અમેરિકા અને તેના સાથીઓએ ઇઝરાયેલના સ્વ.બચાવના અધિકારને સમર્થન આપ્યું છે-

## INDIA - BANGLADESH

મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચની શ્રેણીની પ્રથમ મેચમાં બોલિંગ પસંદ કરતાં બાંગ્લાદેશની ટીમે હમણા મળતાં સમાચાર મુજબ ૯.૨ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવી ૫૭ રન બનાવ્યા છે. ભારતના અર્ષદિપ સિંહ અને વરૂણ ચક્રવર્તીએ બે-બે વિકેટ અને મયંક યાદવે એક વિકેટ લીધી હતી. બાંગ્લાદેશના ઓપનીંગ બંને બેસ્ટમેચ દસ રન પણ બનાવી ના શકયા.

## HOCKEY TEAM - JOHOR CUP

હોકી ઈન્ડિયાએ આજે મલેશિયામાં સુલતાન જોહોર કપની 12મી આવૃત્તિમાં ભાગ લેવા માટે 18 સભ્યોની જુનિયર પુરૂષોની ટીમની જાહેરાત કરી છેનિયુક્ત -નવ . .આર .મુખ્ય કોચ પી શ્રીજેશ મલેશિયામાં ટીમનું નેતૃત્વ કરશે જ્યારે આમિર અલી કેપ્ટન અને રોહિતને વાઇસ કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવશેભારત આ . મહિનાની19મીએ જાપાન સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે, ત્યારબાદ 20મીએ તેનો મુકાબલો બ્રિટન સામે થશે ત્યારબાદ ભારતનો મુકાબલો .22મીએ યજમાન મલેશિયા સામે અને 23મીએ ઓસ્ટ્રેલિયા સામે થશે આ મહિનાની .26મી

તારીખે ફાઈનલ રમાશેઆ ટૂર્નામેન્ટ આ વર્ષે નવેમ્બરમાં મેન્સ જુનિયર એશિયા કપ . મસ્કત2024 પહેલા ટીમ માટે લિટમસ ટેસ્ટ તરીકે કામ કરશે.

## FINAL WOMEN'S T-20 -INDIA-PAKISTAN

દુબઈમાં રમાઈ રહેલ મહિલા T20 ક્રિકેટ વિશ્વ કપમાં, ભારતીય ટીમે પાકિસ્તાનને 6 વિકેટથી હરાવ્યું છે ભારતીય ટીમે .106 રનના વિજય લક્ષ્યાંકનો પીછો કરતા 18.5 ઓવરમાં 4 વિકેટે 108 રન કરીને જીત મેળવી હતી.

ભારત તરફથી શેફાલી વર્માએ 35 બોલમાં 32 અને જેમિમાહ રોડ્રિગ્સે 28 બોલમાં 23 રન કર્યા હતા કેપ્ટન હરમનપ્રીત કૌર .24 બોલમાં 29 રન કર્યા હતા . અગાઉ, ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાને નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 105 રન બનાવ્યા હતા પાકિસ્તાન તરફથી નિદા ડારે સૌથી વધુ .28 રન બનાવ્યા હતા.

## JAISHANKAR - KAUTILYA ECONOMIC CONFERENCE

વિદેશ મંત્રી ડૉજયશંકરે કહ્યું છે કે .એસ ., QUAD, સંસ્થાકીય સહકારના તમામ પરંપરાગત મોડલને નકારી કાઢે છે અને તેના કારણે તે ખૂબ જ નવીન છેનવી દિલ્હીમાં ત્રીજી . કૌટિલ્ય આર્થિક સંમેલનમાં એક વાર્તાલાપ દરમિયાન તેમણે કહ્યું કે, એ ફાયદાકારક છે કે ક્વાડ ફક્ત તેના સભ્યોની સ્વતંત્રતા અને સુરક્ષાના હેતુઓ માટે રચાયેલ સંગઠન નથીતેમણે કહ્યું કે ., QUAD હિન્દ.પ્રશાંત ક્ષેત્રના મુખ્ય તંત્રોમાંનું એક છે-

વિદેશ મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, ભારત તમામ મોટા દેશો સાથે જોડાયેલું હોય અને વૈશ્વિક રાજકારણ પ્રત્યે વધુ જવાબદારીની ભાવના ધરાવતા દેશ તરીકે જોવામાં આવે તે મહત્વનું છેતેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ., આજના સમયમાં જે દેશો પરિવર્તન લાવી શકે છે

તેઓએ આમ કરવા માટે પ્રયત્નો કરવા જોઈએવિશ્વની સમસ્યાઓ અંગે તેમણે કહ્યું કે ., તે સ્પષ્ટ છે કે વૈશ્વિકરણનું સ્તર એવા તબક્કે પહોંચી ગયું છે જ્યાં કોઈ એક ક્ષેત્રમાં કોઈ ગંભીર સમસ્યાને સમાવી શકવી મુશ્કેલ છે.

સંયુક્ત રાષ્ટ્રના વિષય પર વાત કરતા વિદેશમંત્રીએ કહ્યું કે, આ એક જૂની કંપની જેવી છે જે બજાર સાથે સંપૂર્ણ રીતે તાલમેલ નથી જાળવી રહી.

વિદેશમંત્રીએ કહ્યું કે, કૃત્રિમ બુદ્ધિમત્તા-AI વૈશ્વિક વ્યવસ્થામાં સૌથી ગહન પરિબળ બનશે તેમણે . AI સર્વોપરિતા માટેની વર્તમાન રેસની તુલના શીત યુદ્ધયુગના પરમાણુ હથિયારોની રેસ સાથે - કરી અને કહ્યું કે, જે કોઈ તેનું નેતૃત્વ કરશે તેને વૈશ્વિક વ્યવસ્થામાં મોટો ફાયદો થશે.

ઉલ્લેખનીય છે કે, કૌટિલ્ય આર્થિક સંમેલનમાં ભારતીય અર્થતંત્ર અને વૈશ્વિક દક્ષિણની અર્થવ્યવસ્થાનો સામનો કરી રહેલા કેટલાક સૌથી મહત્વપૂર્ણ મુદ્દાઓની ચર્ચા કરવા માટે આશરે 150 રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય શિક્ષણવિદો અને નીતિ નિર્માતાઓને એકસાથે લાવે છે.

## DELHI AIIMS MOU

અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન-AIIMS નવી દિલ્હી અને રાષ્ટ્રીય ન્યાય સહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના દિલ્હી કેમ્પસ વચ્ચે ઉચ્ચ શિક્ષણ અભ્યાસક્રમો માટે એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે .AIIMSના પ્રાધ્યાપક અને મીડિયા સેલના વડા ડૉ રીમા દાદાએ જણાવ્યું હતું કે આ સંબંધમાં શુક્રવારે . AIIMSના નિદેશક, પ્રોફેસર એમ શ્રીનિવાસ અને રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વ વિદ્યાલયના દિલ્હી પરિસરના નિદેશક પ્રાધ્યાપક પૂર્વી પોખરિયાલ વચ્ચે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરાયા છે.

## IAF -AIRSHOW

ભારતીય વાયુસેનાની 92મી વર્ષગાંઠની ઉજવણી ચેન્નાઈમાં 72 લડાકુ જેટ અને હેલિકોપ્ટરના અદભૂત પ્રદર્શન સાથે કરવામાં આવી આ વર્ષે લિમ્કા રેકોર્ડ બુકમાં . વિક્રમ બનાવવા 15 લાખ દર્શકોને આકર્ષવાનો પ્રયાસ કરવામાં આવ્યો ભારતીય . વાયુસેના ચેતક, રાફેલ, ડાકોટા, હાર્વર્ડ, એમઆઈજી અને જગુઆરે એર શો દરમિયાન શાનદાર સ્ટંટ કરીને પોતાની તાકાતનું કરતબ પ્રદર્શન કર્યું હતું.

આ સમારોહમાં તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિન, નાયબ મુખ્યમંત્રી ઉધયનિધિ સ્ટાલિન, રાજ્યના મંત્રીઓ અને સંરક્ષણ દળોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહયાં હતા. સમગ્ર શહેરમાં સુરક્ષા સઘન બનાવવા 8 હજારથી વધુ પોલીસકર્મીઓ તૈનાત કરાયા હતા.

## MUMBAI FIRE

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ આજે મુંબઈના ચેમ્બુર વિસ્તારમાં થયેલ આગ દુર્ઘટનાના સ્થળની મુલાકાત લીધી તેમણે અસરગ્રસ્ત પરિવારને .5 લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતીશ્રી શિંદેએ કહ્યું કે ., સરકાર આ ઘટનામાં ઘાયલ થયેલા બે લોકોને મફત સારવારની સુવિધા પણ આપશેતેમણે કહ્યું કે., વહીવટીતંત્ર અકસ્માતના કારણોની તપાસ કરશે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે જરૂરી પગલાં લેવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, મુંબઈના ચેમ્બુરમાં બે માળની ઇમારતના ભોંયતળિયે આવેલી એક દુકાનમાં ખામીયુક્ત ઇલેક્ટ્રિકલ વાયરિંગને કારણે આ આગ લાગી હતી .

અને આ ઘટનામાં ત્રણ બાળકો સહિત એક જ પરિવારના સાત સભ્યોના મોત થયા .છે